## સગપણ - સગાઈ :

☹ જામનગરના અંકિતા રાજેન્દ્ર -દિનકરરાય- ઓઝાનું સગપણ રાજકોટના પ્રતિત દુર્ગેશ -ઘનશ્યામ ભાઈ- વૈશ્નવ સાથે.

☹ જામનગરનાં ડો. નિષ્મા પુષ્પેન્દ્ર નાણાવટીનું સગપણ અમદાવાદ સ્થિત કુણાલ દીનેશભાઈ વોરા સાથે

☹ રાજકોટ સ્થિત રીચા કમલેશભાઈ વસાવડાનું સગપણ રાજકોટ સ્થિત કેતન હરકાંતભાઈ ત્રિવેદી સાથે.

☹ મીઠાપુર સ્થિત સંજ્ઞા પંકજભાઈ ધોળકિયાનું સગપણ જૂનાગઢના તૃષિત જન્મેજયભાઈ આચાર્ય સાથે.

☹ વડોદરા સ્થિત મહેન્દ્રભાઈ હિંમતલાલ ઢેબરનાં પુત્રી સ્નેહાનું સગપણ વડોદરા સ્થિત મયંકભાઈ દેસાઈના પુત્ર જતન સાથે.

☹ વડોદરા સ્થિત જયદીપ ભૂપેન્દ્ર વૈષ્ણવનું સગપણ મુંબઈ સ્થિત ઋતુજા યશસ્વીભાઈ મહેતા સાથે.

☹ વડોદરાના કિરાતી (ઓસ્ટ્રેલીયા) હેમેન્દ્રભાઈ ધોળકિયાનું સગપણ વડોદરા નિવાસી જતન (લંડન) રાકેશભાઈ વસાવડા સાથે

☹ અંધેરી સ્થિત ચેતન શશીકાન્ત ઓઝાનાં પુત્રી કરિશ્માનું સગપણ કમલેશ સત્યેન્દ્રરાય વ્હોરાના પુત્ર વંદન સાથે.

☹ જોધપુર સ્થિત મેઘના રાજીવભાઈ હાથીનું સગપણ ભરૂચ સ્થિત હાર્દિક નીલમભાઈ બુચ સાથે.

## પ્રભુતામાં પગલાં :

☹ જામનગરના જગદીપ ચુનીલાલ માંકડનાં પુત્રી રીતીનાં લગ્ન મુંબઈ સ્થિત ગીરીશભાઈ ભાસ્કરભાઈ મારૂના પુત્ર સિધ્ધાર્થ સાથે. ☹ અમદાવાદ સ્થિત ડો. હરીસિધ્ધ કૌસ્તુભરાય મજમુદારના પુત્ર મનનના લગ્ન વડોદરા સ્થિત ચંદ્રેશભાઈ બટુકભાઈ નાણાવટીનાં પુત્રી ઘટના સાથે.

☹ બોરીવલી સ્થિત પર્યંક પ્રવિણભાઈ મહેતાના પુત્ર ભૌમિકના લગ્ન વડોદરા સ્થિત કૈવલ્ય અનિલભાઈ દવેનાં પુત્રી દ્યુતિ સાથે. ☹ જુનાગઢ સ્થિત શ્રી પંકજકુમાર ઈન્દુભાઈ બુચના પુત્ર નિલયના લગ્ન અમદાવાદના નિવાસી કૈરવી હેમંતભાઈ જોશી સાથે.

☹ રાજકોટના આશા જયેશ બુચના પુત્ર દિવ્યના લગ્ન રાજકોટનાં દક્ષા અશ્વનીભાઈ જોષીપુરાનાં પુત્રી જાન્હવી સાથે.

☹ રાજકોટ સ્થિત ઝલક શૈલેષ વછરાજાનીનાં લગ્ન જામનગર સ્થિત ભુવન રાજેશ અંજારીયા સાથે.

## આવો સાથે મળીને જ્ઞાતિને ઉજાળીએ...બરછીને શોભાવીએ

સૌ પ્રથમ વડોદરાના શ્રી ઋષિભાઈ દેસાઈ બાદ ઘણા જ્ઞાતિજનોનું સૂચન છે કે વિજ્ઞાન, કલા, સાહિત્ય, રમતગમત, શિક્ષણ, વ્યવસાય, ન્યાયમાં કે અન્ય કોઈ ક્ષેત્રે અનન્ય પ્રદાન આપી દેશનું નામ રોશન કરી જ્ઞાતિને ગૌરવ બક્ષનાર વડવાઓ કે આજના જ્ઞાતિજનોના ફોટા બરછીના ટાઇટલ ઉપર મૂકી આવા મહાનુભાવોનો પરિચય કરાવો..અમને આ વિચાર તો ગમ્યો પણ કોને સમાવવા ? આ દ્વિધાનો ઉકેલ જ્ઞાતિ ઉપર છોડીએ છીએ. જો તમારી જાણમાં આવા અતિ વિશિષ્ટ નરબંકાઓ ધ્યાનમાં હોય તો માત્ર ફોટા કે માત્ર માહિતી કે બંને બરછી કાર્યાલયે મોકલી આપવા ઈજન છે...જે તમારા નામ સાથે રજૂ થશે.

આવો, લોકભાગીદારી કરીએ (સરકારો જેવી નહીં !) આ લોકભાગીદારી તો પરસ્પરની વર્ષોની આત્મીયતાની અને જ્ઞાતિનું નામ ઉજાગર કરેલ સિદ્ધિપ્રાપ્ત સ્વજનોના વારસાને જીવંત કરવાની છે જેનો સારો લાભ અને પ્રેરણા એક વ્યકિતને નહીં પરંતુ સમસ્ત જ્ઞાતિને મળે !

પાપ તથા કુસંસ્કારો ધોઈ પ્રસુપ્તિને જાગરણમાં બદલીએ...

# સ મા ચા ર સં ચ ય

**રાજકોટ :** જામનગર વ. ના. બ્રા. જ્ઞાતિ તરફથી પાટોત્સવ નિમિત્તે તા. ૮/૪/૧૨ના રોજ રેલ્વે કોમ્યુનિટી હોલ ખાતે સાંજે ૬ થી ૯ દરમ્યાન શ્રી અશ્વિનભાઈ આચાર્યના યજમાન પદે ધાર્મિક કાર્યક્રમો તથા સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે.

શ્રી હિમાંશુ જે. રાણાના પરમા જન્મદિવસે માતુશ્રીના સ્મર્ણાર્થે તા. ૭–૪–૨૦૧૨ના રોજ નાગર બોર્ડીંગ ખાતે સવારે ૯ થી ૧૨ દરમ્યાન રકતદાન શિબીરનું આયોજન કરવામાં આવેલ છે. જ્ઞાતિજનોને માનવતાના આ યજ્ઞકાર્યમાં નિમિત્ત બનવા અપીલ છે.

કુ. સૌમ્યા રશેષ વૈષ્ણવ સી. એસ. (ફાઉન્ડેશન)માં ઉત્તીર્ણ થયાં.

અત્રેના શ્રી જયવંત એમ. ત્રિપાઠીની રાહબરી હેઠળ તેમના ભાઇઓ–બહેનો સમેત ૧૧ સભ્યો ૬ જ્યોતિર્લિંગની યાત્રા કરી આવ્યા.

અત્રે યોજાયેલ ઓપન જૂડો ચેમ્પીયનશીપમાં અંડર–૧૪માં બ્રીજેશ નીતાબેન ખારોડે પ્રથમ સ્થાન અને અંડર–૧૭માં સાવન નીતાબેન ખારોડે ત્રીજું સ્થાન મેળવ્યું.

એલ. જી. ધોળકિયા સ્કૂલ દ્વારા વિજ્ઞાનદિન નિમિત્તે યોજાયેલ વકૃત્વ સ્પર્ધામાં તુલન ઉત્કલ વૈશ્નવ (ધો. ૭)એ 'ગ્લોબલ વોર્મીંગ' વિષય ઉપર મૌલિક વકતવ્ય આપી ૩૨ સ્પર્ધકોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પારિતોષીક તથા પ્રમાણપત્ર મેળવ્યાં.

હીરો મોટોકોર્પ કંપનીની ટીવી એડ.માં સમગ્ર ભારતમાંથી ૮૦ જેટલી વિડીયો કિલપ માંથી રાજકોટના યુવાન હર્ષિત વૈદ્યની ડાન્સની વિડીયો કિલપ પસંદ થતાં કંપનીની વેબસાઈટ તથા યુટયૂબ પર પ્રદર્શિત થશે. અભિનંદન.

આકાશવાણી રાજકોટ કેન્દ્ર પરથી પ્રસારીત થતાં 'આ માસના ગીત' માં શ્રીમતી રક્ષા પોટા, સિધ્ધિ વોરા તથા ગીરા મહેતાએ સ્વર આપ્યો.

આકાશવાણી રાજકોટના સ્થાપનાદિન નિમિતે યોજાયેલ સુગમસંગીત સભામાં નિધી પોટાએ સૂરીલાં ગીતો રજુ કર્યા તેમજ રક્ષા પોટા, સિધ્ધી વોરા તથા શ્રી દેવાશું દેસાઈ એ સમુહસ્વરમાં સાથ આપ્યો.

શ્રી હાટકેશ્વર પાટોત્સવ સમિતિની યાદી જણાવે છે કે તા. ૫/૪/૧૨ના રોજ પાટોત્સવ નિમિત્તે નાગર બોર્ડીંગ ખાતે રાત્રે ૮ થી ૧૦:૩૦ દરમ્યાન સમૂહભોજનનું આયોજન કરવામાં આવેલ છે. સમૂહમાં ભોજનના વ્યકિતદીઠ રૂા. ૧૦૦/– રાખવામાં આવેલ છે.જે માટેના પાસનું વિતરણ તા. ૩૦/૩થી ૪/૪ના સુધી સાંજે ૬થી ૭:૩૦ સુધી નાગર બોર્ડીંગ ખાતેથી કરવામાં આવશે.

શ્રી ભરતભાઈ અંજારીયાએ સાંઈ વિજ્ઞાપનના નામથી જાહેરખબર (એડ.)નો વ્યવસાય શરૂ કરેલ છે. વર્તમાનપત્રો સામાયિકોમાં જાહેરાત આપવા સંપર્ક : ૨૪૭૧૩૪૦

ભારત સંચાર નિગમમાં કાર્યરત કુ. જાગૃતિ વિ. ઝાલાએ હિન્દી પખવાડા દરમ્યાન યોજાયેલ આંતરવિભાગીય પ્રતિયોગિતાઓ હિન્દી અનુવાદમાં તૃતીય, હિન્દી શબ્દાવલિમાં દ્વિતીય અને હિન્દી ટીપ્પણમાં તૃતીય પારિતોષીક મેળવ્યાં.

**ગોંડલ :** મુળ જામનગરના અત્રે એલ. આઈ. સી.માં ડેવલપમેન્ટ ઓફીસર તરીકે ફરજ બજાવતા શ્રી જયેશકુમાર વામનરાય માંકડને આસીસ્ટન્ટ બ્રાંન્ચ મેનેજર સેલ્સ તરીકે બઢતી મળી.

સૌને ખુશ અને પ્રસન્ન રાખવા શકય તેટલા પ્રયત્નો કરીએ...

- શ્રી જયેશકુમાર વામનરાય માંકડનાં પુત્રી કુ. અમી જામનગર ખાતે આઈ. સી. આઈ.માં કસ્ટમર સર્વિસ ઓફીસર તરીકે નિમાંયા.
- શ્રી જયેશકુમાર વામનરાય માંકડનાં પુત્રી ચિ. નિરાલીનો પ્રોજેકટ રાજકોટ ખાતે આત્મીય ઈન્સટીટયુટ માં એમ.સી.એ. ના પ્રથમ સેમિસ્ટરમાં બેસ્ટ પ્રોજેકટમાં પસંદગી પામેલ છે.
- **અમદાવાદ :** ર. વ. દવે સ્મૃતિ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ ઈન્ટર સ્કૂલ સુગમ સંગીત સ્પર્ધામાં સિનીયર વિભાગમાં નિનાદ ધર્મેશ બુચે પ્રથમ અને જુનિયર વિભાગમાં નૂપુર દેવલભાઈ મહેતાએ પ્રથમ સ્થાન મેળવ્યું.
- કુ. ધ્વનિ નલીનકાંત બુચ બી. ઇ.(ઇસી)ફાઇનલમાં ૭૫% સાથે ઉત્તીર્ણ થઈ ગુજરાત યુનિવર્સિટીમાં બીજું સ્થાન પ્રાપ્ત કરી જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું.
- બારમાસી મસાલા ભરવા માટે સંપર્ક કરોઃ શ્રીમતી તોરલ છાંયા,૦૭૯ –૨૬૬૪૦૪૩૨, શ્રીમતી જીજ્ઞાસા મજમુદાર ૦૭૯ – ૨૬૯૩૭૦૧૯
- નિખીલ પ્રધુમ્નભાઈ ઓઝાએ માતા ભારતીબેનની સંગે તા. ૨૭ થી ૩૦ જાન્યુ. સોમનાથ મહાદેવના પટાંગણમાં મહારુદ્રનું આયોજન કરેલ. ૭૦ જેટલા કુટુંબીજનોએ આ મહાયજ્ઞનો લાભ લીધો.
- **નવસારી :** અત્રેની વિશ્વવિખ્યાત આંખની હોસ્પીટલ રોટરી આઈ ઇન્સ્ટીટયુટમાં છેલ્લા ૩૪ વર્ષથી સેવા આપી રહેલ ડો. પરેશ અંતાણી એ પૂર્વ આફ્રિકાના નાઈજિરીયા દેશમાં યોજાયેલ નેત્રયજ્ઞમા ભાગ લઈ કુલ ૧૦ હજાર ચારસો જેટલા આંખના ઓપરશન કરવામાં પોતાનો અમૂલ્ય સહયોગ આપ્યો હતો. આ નિસ્વાર્થ સેવા બદલ તા. ૨૩/૧ ના રોજ માનદ્મંત્રી દ્વારા શહેરીજનોની ઉપસ્થિતિમાં યોજાયેલ સમારંભમાં તેઓનું અભિવાદન કરવામાં આવ્યું.
- **વડોદરા :** સમસ્ત નાગર મંડળ (પશ્ચિમ વિભાગ)ની યાદી મુજબ તા. ૫/૪/૧૨ના રોજ પાટોત્સવ નિમિત્તે સુભાનપુરા અતિથિ ગૃહ ખાતે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે.સભ્ય ફીના રૂા. ૨૦૦ વત્તા રૂા. ૧૦૦ ભોજન ખર્ચ પેટે નિયત કરાયેલ છે. ભોજન પાસ માટે (તા. ૩૦/૩ પહેલાં ) અને વિશેષ માહિતી માટે શ્રીમતી મૈનાકીબેન દેસાઈનો ફોન નં. ૨૭૭૩૧૦૩ ઉપર સંપર્ક કરવા વિ. છે.
- શ્રી હીરણેશ નલીનકાંત બક્ષીએ જીએસઇસીએલમાં સુપ્રિ. એન્જીનીયરમાંથી એડીશનલ ચીફ એન્જીનીયર તરીકે બઢતી મેળવી.
- શ્રી રશ્મિનભાઈ પી. હાથી અંકલેશ્વર ખાતે કેડીલા કંપનીમાં મેનેજર તરીકે નિમાયા.
- અમદાવાદ ખાતે રમાયેલ બેંક ઓફ ઈન્ડીયા ઈન્ટરઝોન ક્રિકેટ ટુર્નામેન્ટમાં વડોદરા ઝોન વતી રમતા શ્રી હિતેષ ઈન્દ્રવદન બુચે રાજકોટ ઝોન સામે સેમીફાઈનલમાં ત્રણ મહત્વની વિકેટ ઝડપી વડોદરા ઝોનને જીત અપાવતાં જનરલ મેનેજરને હસ્તે બેસ્ટ બોલર તરીકેનું ઈનામ એનાયત થયું.
- છેલ્લા ત્રણ વર્ષથી યોજાતી હાફ મેરેથોન દોડમાં સતત ત્રણ વર્ષથી ભાગ લઈ વિનીત શશાંક માંકડે વર્ષની નાની વયે ૨૧ કીમી દોડ સફળતાપુર્વક પૂર્ણ કરેલ. આ હાફ મેરેથોનમાં ફન રન તરીકે ૫ કીમી ની દોડ માત્ર ૧૧ વર્ષની વયે કાર્તિક મનીષ દેસાઈ એ ભાગ લઈ સફળતા મેળવી. તેમનો ઉત્સાહ વધારવા તેમના પિતા મનીષ હમેન્દ્ર દેસાઈ પણ જોડાયેલ.
- એમ.એસ. યુનિવર્સિટી દ્વારા કોમર્સના બીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે એન્ટર પ્રિન્યોર વિષયના ભાગરૂપે યોજાયેલ "બિઝનેસ પ્લાનીંગ" ઉપરના પ્રોજેકટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશનમાં કુ. પ્રણામી અશોકભાઈ અંજારીયાએ ગૃપમાં મૂલ્યવાન યોગદાન આપી પ્રથમ સ્થાન મેળવતાં ગોલ્ડ મેડલ તથા

પ્રમાણપત્ર એનાયત થયેલ.

**મુંબઈ :** અંધેરી સ્થિત શ્રી નીતીનભાઈ નરેન્દ્રભાઈ અંજારીયાના પુત્ર અંકિત નવેમ્બર ૨૦૧૧મા લેવાયેલ સી.એ. ફાઈનલ માં ઉર્તીણ થયા.

રાજકોટમાં તબીબી ક્ષેત્રે અતુલ્ય માનવ અને જ્ઞાતિ સેવાના પ્રણેતા અને સમર્પિત સ્વ. ડો. રાવ સાહેબ અંતાણીદાદાના પૌત્ર ચિ. દીપક ઉમેશભાઈ અંતાણીએ અત્રેની પ્રસિધ્ધ સેવન હિલ્સ હોસ્પીટલ ખાતે સદીના મહાનાયક શ્રી અમિભાભ બચ્ચનના પેટની શસ્ત્રક્રિયા દરમ્યાન એનેસ્થેટીસ તરીકે મહત્વની સેવા આપી વિશિષ્ટ સન્માન મેળવી સ્વ. અંતાણીદાદાનું નામ ઉજાગર કર્યું.

સ્વ. પ્રકાશ રુદ્રપ્રકાશ મંકોડીના પુત્ર સંદીપ મંકોડી દ્વારા સંચાલિત દીપજયોત ડાન્સીંગ ઈન્સ્ટીટયુટનો તેજપાલ સભાગૃહ ખાતે 'એન્યુઅલ શો' યોજાય ગયો. જેમાં તેમના વર્ગના ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

અત્રેના ૨૧ જ્ઞાતિબંધુઓ એસએલકે ટૂર્સ દ્વારા દુબઈના પ્રવાસે જઈ આવ્યા.

**જૂનાગઢ :** મીત કેયૂર ધોળકિયા બી.ઈ. (સીઇ) સેમે.–પમાં ૭૨% સાથે ઉત્તીર્ણ થયા.

તા ૨૫-૧ ના રોજ કાર્વે કોન્વેન્ટ તરફથી યોજાયેલ ગીત સ્પર્ધામાં રમ્ય ભવદીપ ઓઝાએ પ્રથમસ્થાન મેળવ્યું. શ્રીમતી જલ્પાબેન ઓઝાએ વકતૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

આગામી તા. ૧૨-૫ અને ૧૩-૫ ૨૦૧૨ ના રોજ અત્રેના સ્વ. મહેશભાઈ વસાવડા'વડલો'ની સ્મૃતિમાં હાટકેશ્વર પટાંગણ ખાતે એમ.આર. વસાવડા કપ-ઓપન ગુજરાત રાત્રી પ્રકાશ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. વધુ વિગત માટે નિહાર મહેશભાઈ વસાવડા મો. ૯૦૯૯૦૧૪૬૮૩ નો સંપર્ક કરશો.

શ્રીમતી પ્રતિક્ષા રવિન્દ્ર વૈષ્ણવ કોર્ટમાં સીઓસી ના હોદા ઉપરથી નિષ્ઠાવાન ફરજ બજાવી સેવાનિવૃત થયાં.

અમદાવાદ ખાતે SBI માં કાર્યરત જય છાયા(શ્રી રાજેશ મહેન્દ્ર છાયા અને શ્રીમતી મમતા છાયાના પુત્ર)એ માત્ર ૨૧ વર્ષની યુવા વયે બેંકની JAIIB તથા CAIIB બંને પરીક્ષાઓ પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ કરી. અભિનંદન.

**કોવાયા :** તા ૩૦-૧ થી ૩-૨ સુધી આદિત્ય બીરલા ગૃપની કંપનીઓના ગોવા ખાતે યોજાયેલ રમતોત્સવમાં અત્રેની અલ્ટ્રાટેક સીમેન્ટ કંપની માંથી શ્રી નિશાંત અરવિંદરાય માંકડ તથા પરાગ અવિનાશભાઈ ઓઝા પસંદગી પામી ભાગ લેવા ગોવા જઈ આવ્યા.

આદિત્ય બીરલા એજ્યુકેશન ટ્રસ્ટની સમિતિમાં શ્રી નિશાંત અરવિંદરાય માંકડ બે વર્ષ માટે મેમ્બર ટ્રસ્ટી તરીકે નિમાયા.

**ઉના :** અત્રે દેલવાડા ગામે આવેલ ઓઝા,બક્ષી, વછરાજાની,આચાર્ય અટક ધરાવતા નાગરોના કુળદેવીનાં તથા ઈષ્ટદેવ હાટેશ્વર મહાદેવના ૪૫૦ વર્ષ પૂરાણા મંદિરોના જિર્ણોધ્ધાર પછીના પ્રથમ પાટોત્સવ નિમિતે હોમાત્મક લઘુરુદ્ર તથા હોમાત્મક નવચંડીનું આયોજન તા. ૧૫-૧-૨૦૧૨ પોષ વદ-૭ ના દિવસે રાખવામાં આવેલ. જેમાં લઘુરુદ્રના મુખ્ય યજમાન પદે ઉનાના જાણીતા વકીલ શ્રી જનકરાય વ્યંકટરાય વોરા પરિવાર બિરાજેલ. ત્યારબાદ સ્વ. શિવપ્રસાદભાઈ જી. ઝાલા,નરેન્દ્રભાઈ વૈષ્ણવ, નિમીષભાઈ બક્ષી, બીપીનભાઈ-ઉપીનભાઈ ઓઝાના સૌજન્યથી સૌએ મહાપ્રસાદ લીધેલ.

**જામનગર :** તા. ૫-૪-૧૨ને ગુરૂવારના રોજ પાટોત્સવ નિમિત્તે હાટકેશ્વર મંદિર ખાતે ભુવન

અંજારીયાના યજમાન પદે સવારના ૮:૩૦ વાગ્યે લઘુરૂદ્ર થશે. સાંજના ૫ : ૪૫ શોભાયાત્રા બાદ મહાઆરતી અને ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે વ.ના. જ્ઞાતિ મંડળના કાર્યકરોનો સંપર્ક સાધવા વિ. છે.

- શ્રીમતી કિન્નરીબેન નાણાવટીનાં પુત્રી ચિ. પ્રિયાંશી (ઉ. વ. ૫)એ સત્ય સાંઈ સ્કૂલ તરફથી યોજાયેલ ફેન્સીડ્રેસમાં પ્રથમ સ્થાન મેળવ્યું.
- પદમીની અને યોગેશ પોટા સાથે ભારતીબેન પી. ઓઝા અષ્ટવિનાયકની યાત્રાએ જઈ આવ્યા.
- શ્રી મહિલા મંડળની તા. ૧૪–૨ ના રોજ વેલેન્ટાઈન ડે નિમિતે ફિલ્મી ગીત સ્પર્ધા તથા ચણાનીદાળથી વધુમાં વધુ સાથિયા બનાવવાની સ્પર્ધા યોજવામાં આવેલ. જેમાં નિશિતા બક્ષી ફિલ્મીગીત સ્પર્ધામાં પ્રથમ વિજેતા થયેલ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે વિધિબેન માંકડે સેવા આપેલ.
- રાજકોટ,સુરત ખાતે બરછી તથા જ્ઞાતિસેવામાં જેઓએ યોગદાન આપેલ છે તેવા અત્રે સ્થાયી થયેલ શ્રી રક્ષેષ મજમુદારે તેમના સ્વ. પુત્ર રીતેષ અને પિતૃઓના મોક્ષાર્થે તા. ૬/૪ થી ૧૪/૪ સુધી શ્રી હાટકેશ્વર ખાતે ભાગવતાચાર્યશ્રી મહેન્દ્રરાય દ્વિવેદીના આચાર્યપદે શ્રીમદ્ ભાગવત પારાયણનું (સવારે ૯થી૧૨ અને બપોરે ૩થી૬ ) આયોજન કરેલ છે. તા. ૬/૪ બપોરે ૩ વાગ્યે શોભાયાત્રા,વિવિધ પ્રસંગો અને કથાશ્રવણનો લાભ લેવા સૌને આમંત્રણ છે.
- **ભુજ :** કુ. શ્વેતા કૈવલ્યભાઈ વોરા નવેમ્બર–૧૧માં લેવાયેલ સી.એ.–IPCCC પરીક્ષામાં ૭૦% સાથે ઉર્તીણ થયાં.
- **મહુવા :** શિવરાત્રિ નિમિત્તે હાટકેશ્વર મંદિરમાં તુષારભાઈ દેસાઈના યજમાન પદે પાઠાત્મક લઘુરુદ્રનું આયોજન કરવામાં આવેલ.
- **ભાવનગર :** ધી ભાવનગર નાગર જીમખાનાના ઉપક્રમે વૈશાખ સુદ–૭ તા. ૨૮/૪/૧૨થી ૫/૫/૧૨ દરમ્યાન શ્રી હરિનાગર નિવાસ ખાતે સમૂહ જાગ સ્થાપન કરવામાં આવનાર છે. જાગના કર તથા ઋણ સ્વીકારના હોંશથી સ્થાપનમાં ૨૦ કુટુંબો ભાગ લેનાર છે. શ્રધ્ધાસભર આ સામુહિક ધાર્મિક કાર્યક્રમમાં આરતી દર્શનનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. વિશેષ માહિતી માટે શ્રી હરિનાગર નિવાસ ફંડ કાર્યાલય–ફોન : ૦૨૭૮–૨૪૨૨૫૨૫–નો સંપર્ક કરવા વિનંતી છે.

## કર્મનિષ્ઠની જીવનયાત્રાને આદરાંજલિ

સ્વ. નવરંગરાય ધરણીધરરાય કચ્છીને શ્રી અંનત ધર્માલય સંસ્થાને જુનાગઢમાં ૫૫ વર્ષની સેવા અને ત્યારબાદ સુપુત્ર શ્રી નયનસુખરાય કચ્છી (તોલમાપ વિભાગ ગુજરાત સરકાર)ની નિવૃતિ બાદ ૩૬ વર્ષ નિષ્ઠાથી સેક્રેટરી, પ્રમુખ તરીકે સંસ્થાને ખુબ સારી રીતે વિકસિત કરવામાં સિંહફાળો આપ્યો. જુનાગઢના નાગર નિરાશ્રિત ફંડના કાયમી ટ્રસ્ટી તરીકે અને જુનાગઢ, રેડક્રોસ સંસ્થા, અન્ય સંસ્થાઓમાં પણ મુ. નયનસુખરાયનો પરોપકારી કામોમાં સુંદર ફાળો રહયો છે. ૮૪ વર્ષની ઉંમરે આજે પણ કૌટુંબીક, મિત્ર વર્તુળ વિ.માં યોગ્ય વ્યવહાર, સતત સંપર્ક રાખવાનો યશ તેઓને જાય છે. ધર્માલયમાંથી લાંબા ગાળાની નિસ્વાર્થ–કર્મયોગી–નિષ્ઠાવાન પ્રવૃતિમાંથી નિવૃતિબાદ એક સદાબહાર ૮૪ વર્ષના અમારા વડીલને સુખમય–આરોગ્યમય જીવનની શુભેચ્છા સાથે નમ્ર આદરાંજલિ સમર્પણ કરીએ છીએ.

ફોન નંબર : ૦૨૮૫– ૨૬૩૪૪૭૧

**શુભેચ્છકો : સનતભાઈ નાણાવટી, કમલેશ નયન કચ્છી, પ્રિયંકા કમલેશ કચ્છી, વંદના નવીનચંદ્ર છાંયા. નવીનચંદ્ર છાંયા અને અન્ય સર્વે કુંટુંબીજનો.**

## સ્વ. નિરંજનભાઈના સંગ્રહને લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન



ભાવનગરના સ્વ. નિરંજનભાઈ કે. દેસાઈ (નીરૂભાઈ) અનેકવિધ સંગ્રહનો શોખ ધરાવતા હતા...જેમાંનો એક સંગ્રહ અપ્રાપ્ય પુસ્તકોના સંગ્રહના શોખ હતો...જેમાં વિલીયમ્સ શેકસ પિયરનાં તમામ ૪૦ નાટકોના પુસ્તકોનો સમાવેશ થાય છે.જેની વિશેષતા એ છે કે આ બધાં પુસ્તકો આંગળીના વેઢા જેટલી લંબાઈ પહોળાઈનાં છે. (ફોટામાં દેખાય છે.) જે આ સિવાય સમગ્ર વિશ્વમાં બીજે કયાંય નથી. જેથી લિમ્કા બુક ઓફ રેકોર્ડના ૨૦૧૨ ના જાન્યુઆરીના અંકમાં તેઓના નામ સાથે આ વિગતની વિશેષ નોંધ પ્રકાશિત કરી પ્રમાણપત્ર આપેલ છે.

સ્વ. નીરૂભાઈ તેમના સમયના ઉત્તમ ક્રિકેટીયર હતા. તેઓ ક્રિકેટ ફોટાનાં સંગ્રાહક હતા. ૧૯૪૫થી ૧૯૯૫-૫૦ વર્ષના વિશ્વ ક્રિકેટના અલભ્ય ફોટાઓના બે પ્રદર્શનો તેઓની હયાતીમાં થઈ ગયેલ.

(આ સિદ્ધિ પરિવાર માટે જ નહીં પરંતુ જ્ઞાતિ માટે પણ ગૌરવપ્રદ છે ત્યારે નીરૂભાઈના પરિવારજનો પાટોત્સવ કે દિપોત્સવના કાર્યક્રમો દરમ્યાન આવી દુર્લભ વસ્તુઓની પ્રદર્શની યોજે તો અગાઉ ઈતરપ્રવૃત્તિ -શોખ કેવા હતા, આજે તે કેટલા મૂલ્યવાન છે તેનાથી આજની પેઢી માહિતગાર થશે.)

## અનંતના યાત્રીઓ :

- ગં. સ્વ. હીરાબેન રમણીકરાય વસાવડા-૯૪ વર્ષ- રાજકોટ ખાતે.
- ચંદ્રશેખરભાઈ શીવલાલ છાયાનું - ૭૯ વર્ષ- રાજકોટ ખાતે.
- શ્રીમતી જ્યોત્સનાબેન જ્યોતિન્દ્રભાઈ આચાર્ય-૭૦ વર્ષ- રાજકોટ ખાતે.
- યોગેશચંદ્ર રામપ્રસાદ વૈશ્નવ(નિવૃત્ત ચીફ એન્જીનીયર નર્મદા જળસંપત્તિ વિભાગ) -૭૬ વર્ષ- રાજકોટ ખાતે. - શ્રીમતી જયવંતીબેન તરૂણભાઈ વસાવડાનું અમદાવાદ ખાતે.
- નરેન્દ્રરાય (રાયજીભાઈ) છગનલાલ બુચ(નિવૃત્ત સંયુકત સચિવ કાયદા ખાતું ગુજરાત રાજ્ય)નું અમદાવાદ ખાતે. - શ્રીમતી ભુવનેશ્વરી (ભાનુબેન)નલિનકાંત વૈશ્નવનું-૭૨ વર્ષ-અમદાવાદ ખાતે.
- જૂનાગઢના હનુમંતરાય દિલીપરાય નાણાવટીનું -૭૬ વર્ષ- વડોદરા ખાતે.
- ચક્ષુબેન ડી. દેસાઈનું જૂનાગઢ ખાતે. - કવિવરરાય હર્ષદરાય દેસાઈનું -૮૪ વર્ષ- મુંબઈ ખાતે.
- સુરેન્દ્રરાય રમણીકરાય નાણાવટીનું -૭૭ વર્ષ-ગાંધીનગર ખાતે.- રવિકાંતભાઈ ઈન્દુલાલ માંકડનું -૮૦ વર્ષ- જૂનાગઢ ખાતે. - શ્રીમતી ભાનુમતીબેન અનસુખરાય વોરાનું જૂનાગઢ ખાતે.
- ગં. સ્વ. જયેન્દ્રબાળા રમેશભાઈ રાણાનું -૮૪ વર્ષ- ભુજ ખાતે.
- ગં. સ્વ. હેમાંગીનીબેન નવીનભાઈ અંજારીયાનું -૮૪ વર્ષ-ભુજ ખાતે.
- પ્રફુલચંદ્ર સુરેન્દ્રરાય વૈદ્યનું -૭૭ વર્ષ- ભુજ ખાતે.
- ગં. સ્વ. મનહરબાળાબેન શિવપ્રસાદ વોરા - ૯૧ વર્ષ- ભુજ ખાતે.
- ગં. સ્વ. કાન્તાબેન ઉમેશભાઈ છાયા - ૯૬ વર્ષ- અંજાર ખાતે.
- શૈલેષ અશ્વિનભાઈ ધોળકિયાનું - ૪૫ વર્ષ - મસ્કત ખાતે.
- જ્યોતિબેન ભદ્રાયુભાઈ બુચનું વિદ્યાનગર ખાતે. - યોગેશભાઈ જે. બક્ષી જામનગર ખાતે
- શ્રીમતી પુષ્પાબેન મારકન્ડભાઈ ઝાલા આદીપુર ખાતે

અંતઃ બાહ્ય તમામ પરિસ્થિતિઓમાં ભકિત-ભાવનાને આત્મસાત્ કરીએ...

# ઝાંબાઝ પોલીસકર્મી શ્રી સનત બક્ષીની ફરજનિષ્ઠાની કદર



કરન્સીનોટની થોકડી નહીં આજે તો બંડલ સામે હોય અને દાનત ન બગડે તેવું આજે બને ખરૂં ? હા, બને છે...આપણે છાપામાં વાંચીએ છીએ કે શ્રી.....એસીબીના દરોડામાં લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા...આજે આ કામ પણ ઝાંબાઝનું જ છેને !? આવી નિસ્પૃહી અને અનેક ફરજનિષ્ઠ કામગીરી બજાવનાર ઝાંબાઝ છે શ્રી સનત બક્ષી..જેઓએ હકદારીથી સાચી રીતે તાજેતરમાં રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવ્યો છે..વાંચો વિગત...

શ્રી સનતકુમાર વી. બક્ષી ૧૯૮૪માં પોલીસ દળમાં જોડાયા અને પ્રથમ વેર્સ્ટન રેલ્વે પોલીસમાં ભરતી થયેલ જેમાં સાબરમતી, રાજકોટ અને જામનગર ખાતે ફરજ બજાવ્યા બાદ વર્ષ ૧૯૯૩માં રાજકોટ શહેર પોલીસમાં બદલી થઈ આવેલ. જેમાં રાજકોટ શહેરના રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ગુનાશોધક શાખા,ગુના નિવારણ શાખા, ત્યારબાદ લાંચરુશ્વત વિરોધી શાખા રાજકોટ શહેર, તાપી (વ્યારા) અને હાલમાં રાજકોટ ગ્રામ્ય લાંચ રુશ્વત વિરોધી બ્યુરો ખાતે ફરજ બજાવી રહયા છે. તેઓએ તેમની ફરજ દરમિયાન ચોરી, ઘરફોડ ચોરી, લૂંટ,ધાડ,નશીલા પદોર્થોની હેરાફેરી, ગેરકાયદેસર હથિયાર (આર્મ એમ્યુનેશન) છેતરપીંડી અને વિશ્વાસઘાત કરનાર અસામાજીક તત્વોના અંદાજે ૪૫૦ થી વધુ ગુનેગારોને પાસા હેઠળ તેમજ અસામાજીક પ્રવૃતિ અટકાવવા ૧૫૦થી વધુ ગુનેગારોને હદ પારના હુકમ કરાવી પોલીસ અધિકારીઓને મદદરૂપ બની પ્રશંસનીય ફરજ બજાવેલ છે. દેશ માટે આવી અનન્ય કામગીરી કરવા બદલ સનતભાઈએ રૂા ૨ લાખ ૧૫ હજાર જેટલું રોકડ પુરસ્કાર અને ૭૫૦ જેટલી ગુડઝ સર્વિસ ટીકીટ મેળવેલ છે એટલું જ નહીં...ગુજરાત પોલીસ દળ દ્વારા કામગીરીની તુલના કરી સરકારશ્રી દ્વારા માનનીય રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલકલામ પાસે તે રજુ થતાં રાષ્ટ્રપતિશ્રી દ્વારા ૨૬ જાન્યુ. ૨૦૦૬ ના રોજ રાષ્ટ્રપતિચંદ્રકની જાહેરાત કરેલ. જે સરકારશ્રીના વ્યસ્ત કાર્યક્રમોને લીધે ચંદ્રક વિતરણ થઈ શકેલ નહીં જે તા. ૧૫ -૨-૨૦૧૨ ના રોજ મહાત્મા ગાંધી મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલ સમારંભમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે શ્રી સનતકુમાર બક્ષીને ચંદ્રક અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

('ખાતો નથી ખાવા દેતો નથી' ને ચરિતાર્થ કરવું ઘણું કપરૂં છે... સિધ્ધાંતનિષ્ઠ-ફરજનિષ્ઠ સનતભાઈને અભિનંદન. આગે બઢોની શુભકામના.)

## કુ. કાંક્ષા મહેતા એમ.બી.બી.એસ. થયાં



ભાવનગરના કંદર્પભાઈ મહેતા અને શ્રીમતી હિમાદ્રીબેન મહેતાનાં પુત્રી કુ. કાંક્ષા મહેતા ગુજરાત યુનિવર્સિટીની બી. જે. મેડિકલ કોલેજ અમદાવાદથી ૬૪% સાથે ઉત્તીર્ણ થઈ એમ.બી.બી.એસ.ની પદવી મેળવી. તેણીએ ધો. ૧૨માં ૯૧.૪% સાથે ભાવનગર કેન્દ્રમાં ચોથું સ્થાન મેળવેલ. કુ. કાંક્ષા સ્વ. યશસ્વીભાઈ યશવંતરાય મહેતાનાં પૌત્રી અને સ્વ. રઘુવીરભાઈ સતવંતલાલ મહેતાનાં દોહિત્રી થાય છે.

અભિનંદન સહ ઉજ્જવળ ભાવીનાં ઘડતર સાથે સમાજની સેવા કરે તેવી શુભકામના.

કર્મધારાને અનવરત-અવિરત સન્માર્ગે વાળએ...



## શિવાંગ વૈષ્ણવ 'યંગ સાયન્ટીસ્ટ' તરીકે સન્માનિત થયા



રાજકોટના સ્વ. દર્શનાબેન(ચીકુબેન) રમેન્દ્રભાઈ વૈશ્નવના પુત્ર શિવાંગ વૈશ્નવે(B.E.EC.)એ IEEE દ્વારા સિગ્નલ પ્રોસેસીગ, કોમ્યુનિકેશન, કોમ્પ્યુટીંગ એન્ડ નેટવર્કીગની ૨૦૧૧ની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં "ઈમ્પ્લીમેન્ટેશન ઓફ સેન્સીંગ ટેકનીક ફોર કોગ્નીટિવ રેડીયો" એ વિષય ઉપરનાં રીસર્ચ પેપરનું પ્રેઝન્ટેશન કરતાં નૂરૂલ ઈસ્લામ સેન્ટર ફોર હાયર એજ્યુકેશન તામિલનાડુના વાઈસ ચાન્સેલર તથા ડાયરેકટર (ઈસરો) ત્રિવેન્દ્રમ દ્વારા "યંગ સાયન્ટીસ્ટ" તરીકે સન્માનિત થયા.આ રીસર્ચ પેપરને IEEE એ પ્રમાણિત કરી આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રકાશિત કર્યું.

## કુ. મેઘા જીકાર એમ.બી.એ. થયાં



સુરતનાં શ્રીમતી સંધ્યા તથા શ્રી ભવજીત શરદચંદ્ર જીકારનાં પુત્રી કુ. મેઘા જીકારે લંડનની મીડલસેકસ યુનિવર્સિટી માંથી એમ.બી.એ.ની પદવી ડીસ્ટીંગશન સાથે ઉત્તીર્ણ થઈ મેળવી. વિશેષ માર્ગદર્શન માટે bsjikar@yahoo.co.in

અભિનંદન સાથે ઉજ્જળ ભાવીની શુભકામના.

## ચીફ એન્જીનીયર તરીકે ભવજીત જીકારને બઢતી



જૂનાગઢના શ્રી ભવજીત શરદચંદ્ર જીકારે સુરત સ્થિત ONGC માં ચીફ એન્જીનીયર તરીકે બઢતી મેળવી. તેઓ સ્વ. નિર્મળાબેન તથા સ્વ. શરદચંદ્ર જીકારના પુત્ર અને સ્વ. બકુલાબેન અને સ્વ. રમેશભાઈ વી. ઝાલાના જમાઈ થાય. ઉચ્ચ હોદે આરૂઢ થતા ભવજીતભાઈને અભિનંદન-શુભેચ્છા.

## જૂનાગઢ ખાતે કુટુંબમેળા યોજાયા

(૧) ઉનાના સ્વ. રવિબેન તથા સ્વ. મોહનલાલ દેસાઈના પરિવારજનોનો કુટુંબમેળો જૂનાગઢ ખાતે ગિરનાર તળેટીના કુદરતી વાતાવરણમાં આવેલ પ્રજાપતિ એકતા ભવન ખાતે ડીસે.૧૧માં યોજાય ગયો. આ મેળાવડામાં કુલ ૫૫ સભ્યોમાં ૯૦ વર્ષના વડીલ મુ. કુમુદભાઈ દેસાઈથી ૬ માસની ચિ. સ્વરાનો સમાવેશ હતો. સૌએ તળેટીની વિવિધ જગ્યાઓની મુલાકાતના આનંદ સાથે પતિ-પત્નીની પસંદગી, આઈક્યુ ટેસ્ટ, કવીઝ, અંતાક્ષરી જેવી રમતગમતોનો પણ આનંદ માણ્યો હતો. આ પ્રસંગે શ્રીમતી ખ્યાતિ ગિરીશ દેસાઈએ પરિજનોના નામ સાથે તેમના શોખ અંગેની પંકિતઓ રચી સર્વની પ્રશંસા મેળવેલ. વડીલોના સન્માન-સમૂહ ફોટોગ્રાફ બાદ મેળો વિખરાયેલ.

(૨) સ્વ. કુંદનલાલ (નાથજીભાઈ) મોતીલાલ છાયા તથા સ્વ. સુશ્રી લજ્જાગૌરી છાયાના વિશાળ પરિવારનો કુટુંબમેળો તા. ૧૩/૧૪/૧૫ જાન્યુઆરી દરમ્યાન જૂનાગઢ ખાતે ગિરિવર ગિરનારની તળેટીમાં આવેલ સુવિધા સજ્જ એકતાભવનમાં યોજાય ગયો. જ્યાં પરિવારના સભ્યોએ એકબીજાને હળવામળવાનો લ્હાવો લીધો, જૂનાં સંસ્મરણો વાગોળ્યાં. દેવદર્શન અને ગિરિતળેટીમાં વિવિધ સ્થળોએ વિહરવાનો આનંદ પણ લૂંટ્યો. ત્રણેય દિવસ જાણીતા કેટરર અજય વૈશ્નવે દૂધીયા બાજરા સહીત ની વિધવિધ વાનીઓનો આસ્વાદ કરાવ્યો.

સ્વ. નાથજીભાઈની પાંચમી પેઢીના પ્રતિનિધિ એવાં ભૂલકાંઓ દ્વારા પરિવારની પ્રથમ પેઢીના વડીલોનું સન્માન કરવામાં આવ્યું.. છેલ્લા દિવસે સૌ એકબીજાને ફરી મળવાના કોલ સાથે આવ..જો કર્યું.

## રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત યુવા વૈજ્ઞાનિક જલશ્રી દેસાઈ



અમદાવાદ સ્થિત શ્રી ધ્રુવકુમાર પ્રવીણચંદ્ર છાયાનાં પુત્રી તથા ડો. અશોકભાઈ રમણીકભાઈ દેસાઈના પુત્રવધૂ શ્રીમતી જલશ્રી હર્ષિત દેસાઈને "મિશન મૂન"માં રીમોટ સેન્સીંગ" વિભાગમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ભારત સરકાર દ્વારા યુવા વૈજ્ઞાનિક ૨૦૦૯-૨૦૧૦ નો એવોર્ડ ભારતના રાષ્ટ્રપતિના હસ્તે એનાયત થયો જેમાં ચંદ્રક તેમજ રૂા. ૫૦ હજાર નો રોકડ પુરસ્કાર મેળવ્યો. શ્રીમતી જલશ્રી દેસાઈ છેલ્લા દસ વર્ષથી ઈસરોમાં સાયન્ટીસ્ટ તરીકે કાર્યરત છે.

જલશ્રીબેનને અભિનંદન સાથે નોંધીએ...વિજ્ઞાન ક્ષેત્રે હરણફાળ ભરી રહેલ દેશના વૈજ્ઞાનિકોમાં જ્ઞાતિના ઘણા બંધુઓ -ભગિનીઓ પણ અનન્ય યોગદાન આપી રહયા છે જે સમાચારથી દરેકના કુટુંબીજનો ઉપરાંત સમસ્ત જ્ઞાતિની છાતી ગજ ગજ ફુલશે જ.

## કુ. ગૂંજા - સોનાલી ધોળકિયાની જહેમતથી જૂડો ચેમ્પિયનશીપ યોજાઈ

તા ૩ અને ૪ માર્ચ ના રોજ રાજકોટ ખાતે રેલ્વે ઈન્સ્ટીટયુટમાં ઓપન ગુજરાત જુડો ચેમ્પીયનશીપ





ટુર્નામેન્ટ ૨૦૧૨ નું આયોજન થઈ ગયું. જેની વિશેષ નોંધ એ માટે લેવી પડે તેમ છે કે આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન અને વ્યવસ્થાનો સંપૂર્ણ ભાર જૂડોની રાજ્ય તેમજ રાષ્ટ્રીય ટુર્નામેન્ટ જીતી બતાવેલ કુ. ગૂંજા હિતેષ ધોળકિયા (તસ્વીરમાં ડાબા હાથે- હિતેષભાઈ જમણે)અને કુ. સોનાલી હિતેષ ધોળકિયાએ ઉપાડી જ્ઞાતિ બહેનોની આયોજન ક્ષમતા પૂરવાર કરી બતાવેલ. ગુજરાતના દરેક જીલ્લામાંથી જુદી જુદી વય તથા વજન જૂથના અંદાજે ૧૭૫ ખેલાડીઓએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ.સવારે ૧૧ વાગ્યે જ્ઞાતિ અને ઈતર જ્ઞાતિના મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપપ્રાગટય બાદ જુડોની વિવિધ પ્રકારની રીતોનો ખેલાડીઓએ ડેમો રજુ કર્યા બાદ જુડોની સ્પર્ધા શરૂ થયેલ. જે સાંજે સાત વાગ્યે ઈનામ વિતરણ બાદ સંપન્ન થયેલ.

જૂડોમાં શારીરીક ક્ષમતા સાથે એકાગ્રતા અને ચપળતા વધુ મહત્વના છે. આજે સ્વરક્ષણ માટે ઉતમ રમત ગણી શકાય તેવી રમતના આયોજન બદલ બંને બહેનો ઉપરાંત મલ્હાર એચ. ધોળકિયા તથા નીતાબેન ખારોડની જહેમતને બિરદાવી ધન્યવાદ આપવા ઘટે છે.

## 'બેસ્ટ પ્લેયર'નો ખિતાબ મેળવતાં કુ. વંદના વસાવડા



અમદાવાદ સ્થિત કુ. વંદનાબેન વસાવડા (૫૨ વર્ષ)એ સમગ્ર એસ. ટી. નિગમના કર્મચારીઓ વચ્ચે તા. ૩-૪ માર્ચના રોજ હિંમતનગર ખાતે યોજાયેલ રમતોત્સવમાં વીમેન્સ કેટેગરીમાં 'બેસ્ટ પ્લેયર ઓફ ધી ટુર્નામેન્ટ'નો એવોર્ડ મેળવ્યો. તેઓ વીમેન્સ બેડમિંગ્ટન તથા ટેબલ ટેનીસ બંનેમાં સિંગલ્સ તથા ડબલ્સમાં પ્રથમ વિજેતા થયાં.તા. ૨૪-૨૮ દરમ્યાન હરદ્વાર ખાતે યોજાનાર સિનીયર (વેટરન) નેશનલ બેડમિંગ્ટન ચેમ્પિયનશીપમાં ભાગ લેવા જશે.

## કુ. બાગેશ્રી ઝાલા યુનિવર્સિટીમાં ત્રીજાં સ્થાને



જામનગરના જાણીતા તબીબ ડો. જયેશ ગુણવંતરાય ઝાલા તથા શ્રીમતી સંધ્યાબેન (બકુલભાઈ માંકડના પુત્રી)નાં પુત્રી કુ. બાગેશ્રી ઝાલાએ એમ.એસ.સી બાયોટેકના ત્રીજાં સેમેસ્ટરમાં સરદાર વલ્લભભાઈ યુનિ.માં પ્રથમ સ્થાન મેળવી જ્ઞાતિને ગૈરવાન્વિત કરી.

## નીલ મંકોડીએ બેસ્ટ સ્કાઉટનો એવોર્ડ મેળવ્યો



જામનગર નિવાસી સ્વ. દર્શન કનકભાઈ મંકોડીના સેંટ ઝેવિયર્સ સ્કુલમાં અભ્યાસ કરતા પુત્ર નીલ મંકોડીએ ભારત સ્કાઉટ અને ગાઈડસમાં વર્ષ ૨૦૧૨નો બેસ્ટ સ્કાઉટનો રાજ્ય પુરસ્કાર ગુજરાતના રાજયપાલશ્રીના હસ્તે મેળવી જ્ઞાતિ અને કુટુંબને ગૈરવ બક્ષ્યું છે. અભિનંદન.

## પાંગરતી બાળપ્રતિભા-દુર્વા માંકડ



અમદાવાદના ચિ. દુર્વા કેતન ક્રિષ્ના માંકડ (ધો. ૬)એ ભારત સરકારની તમામ પેટ્રોલીયમ કંપની દ્વારા અમદાવાદની તમામ શાળાના વિદ્યાર્થીઓ માટે યોજેલ "ઓઈલ એન્ડ ગેસ કન્ઝર્વેશન એન્ડ રીલેવન્સ ઈન ડેઈલી લાઈફ" વિષય ઉપરની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી રૂા. ૧૦૦૦ ના રોકડ પારીતોષીક સાથે પ્રશસ્તિ એવોર્ડ મેળવ્યો. આ ઉપરાંત કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ આયોજિત શીઘ્ર રંગોળી, ચિત્ર તથા સુલેખન સ્પર્ધામાં પ્રથમ વિજેતા બની વિક્રમ સ્થાપ્યો.આ ઉપરાંત ચિ. દુર્વાએ દૈનિક "દિવ્યભાસ્કર દ્વારા આયોજિત "લીટલ ચેમ્પસ સ્કેચ" સ્પર્ધામાં રાજય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું.

પાંગરતી બાળ પ્રતિભાને શાબાશી સાથે શુભકામના.

## કલેન્દુશેખર માંકડનો ભગીરથ પ્રયાસ



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું અતિપ્રિય નરસિંહ મહેતા કૃત ભજન "વૈષ્ણવજન તો તેને ર કહીએ" જે વિશ્વભોગ્ય બન્યું. જામનગરનાં અ.સૌ. જયશ્રીબેન હરકાન્તભાઈ માંકડના પુત્ર કલેન્દુશેખર એમ. એ. (અંગ્રેજી) થયા છે. તેઓને "વૈષ્ણવજન"કૃતિનો અંગ્રેજી અનુવાદ કરવાનો ઉમદા વિચાર આવ્યો જેથી ઈંગ્લીશ મિડીયમથી પીડાતી યુવા-બાળપેઢી 'વૈષ્ણવજન'ની મહતા સમજી શકે. અને સતત અઢી વર્ષની તપશ્ચર્યા પછી કલેન્દુ માંકડે "વૈષ્ણવજન"નું ભાષાંતર ભારેખમ અંગ્રેજી શબ્દો વાપરીને કર્યુ. તેના કોપીરાઈટ કરાવ્યા. જેથી તેની કોઈ નકલ કરી ન શકે. શ્રી કલેન્દુશેખરે અંગ્રેજીમાં કોર્ષ કર્યા પછી ૧૪ વર્ષ સુધી જુદી જુદી સંસ્થાઓમા નોકરી કરી હાલ તેઓ વડોદરાની નામાંકિત અંગ્રેજી માધ્યમની સંસ્થાઓમાં લેકચરર, ટ્યુટર, ટ્રેઈનર તરીકે સેવારત છે. યુ. કે. યુ.એસ.એ. તથા કેનેડાથી અનુવાદનું કામ તેમને સતત વ્યસ્ત રાખે છે. બૌધ્ધિક કસોટીઓમાં ઈનામો,તથા એવોર્ડ મેળવી ચુકેલા શ્રી કલેન્દુશેખર માંકડે ચાર ભાગમાં વહેંચાયેલ "લીવ લાઈક લાઈફ" પુસ્તકમાં અંગ્રેજીમાં ""વૈષ્ણવજન"નો મહિમા અનુપમ શૈલીમા વર્ણવ્યો છે. વિકટ પરિસ્થિતિમાં પણ સકારાત્મક વિચારો રાખવા એવો સંદેશ "વૈષ્ણવજન" આપે છે.

અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ 'વૈષ્ણવજન'નો અર્થ અને ભાવાનુવાદ સમજી જીવનમાં અપનાવી શકે તો કલેન્દુભાઈની મહેનત સાર્થક લેખાશે...!

# –:– લગ્ન વિષયક જાહેરાત –:–

(૧) બી.કોમ., જ. ૨૫/૯/૧૯૮૦, ઉંચાઈ ૬' પ્રા. કંપનીમાં માર્કેટીંગ એકઝીકયુટીવ તરીકે નોકરી કરતા માંગલીક યુવકને કન્યા. સંપર્ક: ૦૨૮૧–

(૨) બી. ઇ. (આઇસી) જ. ૮/૧૯૮૬, ઉંચાઈ ૫'.૬" પ્રા. લી. કંપનીમાં નોકરી કરતા માંગલીક યુવકને કન્યા. સંપર્ક: ૦૨૮૮–

(૩) એમ.કોમ., એમ.એડ.(ચાલુ) જ. ૧૧/૧૯૮૭, ઉંચાઈ ૧૫૮ સે.મી. વિસનગરા નાગર કન્યાને યુવક. સંપર્ક: ૦૨૮૨૫–

(૪) એમ.બી.એ., જ. ૨/૧૯૯૬, ૫'.૭" ઉંચાઈના આઈસીઆઈસીઆઈ બેંક અમદાવાદ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક: ૦૭૯–

(૫) બી. ફિઝીયો. ડીએનએચઇ. (ડાયેટીશ્યન) જ. ૮/૧૯૮૫, ઉંચાઈ ૫'.૧" કન્યાને યુવક. સંપર્ક: ૦૭૯–૨૬૫૬૯૪૯૪/૯૮૨૫૦૩૨૧૨૯

(૫) બી.એસ.સી. (બાયોટેક) પીજીડીસીએ., એમસીએ., જ. ૬/૧૯૮૬, ઉંચાઈ ૫'.૪", નોકરી કરતી ઔક્ષણસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક: ૦૨૮૧–

(૬) બી.કોમ,આઈટીઆઈ નેટવર્ક કોર્ષ, જ. ૧૦/૧૯૮૩, ઉંચાઈ ૫'.૬" પ્રા. લી. કંપનીમાં નેટવર્ક એન્જીનીયર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક: ૦૨૮૮– મો.

(૭) એસ.એસ.સી. જ. ૧૯૬૭, ઉં. ૫'.૪" સ્વતંત્ર બીઝનેસ કરતા(લખપતિ) યુવકને યુવતી. સંપર્ક: ૦૨૭૮–

(૮) બી.ઇ.(સીવીલ) જ. ૬/૧૯૮૬, ઉંચાઈ ૫'.૭"ના લીમીટેડ કંપનીમાં સાઇટ એન્જીનીયર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક: ૦૨૮૧–

(૯) એમ.કોમ., પીજીડીબીએમ., જ. ૫/૧૯૮૭, ઉંચાઈ ૫'.૮" એરટેલ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક: ૦૨૭૮–

(૧૦) બી.ઇ.(ઇન્સ્ટુ.) જ. ૩/૧૯૮૬, ઉંચાઈ ૫'.૩" અંકલેશ્વર ખાતે એન્જીનીયર તરીકે નોકરી કરતા કાશ્યપસ ગોત્રના વ. ના. બ્રા. યુવકને કન્યા. સંપર્ક: ૦૨૬૫–

## ડો. ભાવિન ભૂપેન્દ્ર વસાવડાની ઝળહળતી સફળતા



શ્રીમતી અને શ્રી જયોતિ ભૂપેન્દ્રભાઈ વસાવડાના પુત્ર અને રાજકોટના જાણીતા સ્પાઈનસર્જન ડો. નીરજ ભુપેન્દ્ર વસાવડાના નાનાભાઈ ડો. ભાવિન વસાવડા જનરલ સર્જરીમાં પણ પોસ્ટ ગ્રેજયુએશન ના અભ્યાસ બાદ અમદાવાની સિવિલ હોસ્પીટલમાં છેલ્લા આઠ માસથી સેવા આપી રહયા છે. અભ્યાસમાં હમેંશા અવ્વલ રહેલ ડો. ભાવિનને જાન્યુ૨૦૧૨માં નેશનલ બોર્ડ ઓફ એકઝામીનેશન દ્વારા લેવાયેલ અખિલ ભારતીય સુપર સ્પેશ્યાલીટી એન્ટ્રન્સ ટેસ્ટમાં દેશમાં ૧૯મું સ્થાન મેળવી ઝળહળતી સફળતા મેળવી છે. ડો. ભાવિન હવે ભારભરમાં અને દેશવિદેશમાં પ્રખ્યાત એશીયન ઈન્સ્ટીટયુટ ઓફ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી હૈદરાબાદમાં સુપર સ્પેશ્યાલીટી ડીગ્રીના અભ્યાસ અને તાલીમમાં જોડાયા છે.

ડો. નીરજ વસાવડા અને ડો. ભાવિન વસાવડા આ બંન્ને ભાઈઓએ તબીબી ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવી નાગર જ્ઞાતિમાં અને દેશમાં ગૌરવવંતુ સ્થાન મેળવ્યું છે. ***

## A.C. શેર ટેક્ષીમાં રાજકોટ – અમદાવાદ ઘરથી ઘર સુધીની પ્રીપેઇડ સેવાનો પ્રારંભ

લકઝરી બસ અને પ્રાઇવેટ કાર/ટેક્ષી દ્વારા મુસાફરી કરનારાઓ માટે આનંદના સમાચાર છે...યાત્રી દેવો ભવની ફિલોસોફી ચરિતાર્થ કરનાર અને ગણેશપુરીના નિત્યાનંદ બાબાના કૃપાર્થી એવા રાજકોટના પ્રતિષ્ઠિત **બાબા ટ્રાવેલ્સના સંચાલક** દ્વારા રાજકોટ અમદાવાદ વચ્ચે A. C. ટેક્ષીમાં શેરીંગ બેઝ ઉપર એક શહેરમાં તેમના ઘર/ઓફિસથી પીક અપ કરી અન્ય શહેરમાં તેમના ઘર/ઓફિસ સુધી લકઝરી બસ વત્તા રીક્ષાભાડાની સમકક્ષ બજેટમાં સમયબધ્ધ અને સગવડદાયી મુસાફરી માટેનો નવતર કોન્સેપ્ટ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

પ્રસ્તુત સેવાનો લાભ મેળવવા માટે ઈચ્છુક પ્રવાસીએ **khaligadi.com વેબસાઈટ** ઉપર પોતાના પ્રવાસની વિગતો જેમ કે તારીખ, પસંદગીનો સમય, પીક અપ એરીયા, ડ્રોપ એરીયા અને મુસાફરોની સંખ્યાની વિગત નોંધાવવાની રહેશે અથવા તો મોબાઈલ હેલ્પલાઈન ૯૯૨૫૨ ૯૯૨૫૨ ઉપર પણ વિગતો નોંધાવી શકાશે. **khaligadi.com** તરફથી જવાબી કન્ફર્મેશન મળ્યા બાદ પ્રવાસી નિશ્ચિંત થઈ શકશે અને અપવાદરૂપ સંજોગોને બાદ કરતાં નિર્ધારીત સમયે તેને તેડવા ગાડી પહોંચી જ જશે. પૂરતી સંખ્યામાં શેરીંગ પેસેન્જર નહીં થાય તો પણ કન્ફર્મ પ્રીપેઇડ બુકીંગ કરાવનારને ગાડીની સુવિધા મળશે તેવી સંચાલકની બાંહેધરી છે. સીનીયર સિટીઝન તેમજ મહિલા પ્રવાસીઓ માટે આ સેવા વરદાનરૂપ પૂરવાર થયો કારણ કે તેમને ઘેરથી બસ સ્ટેન્ડ સુધી લેવા મુકવા આવવાની ઘરના સભ્યોની જરૂરીયાત રહેશે નહીં

આ પ્રમાણે જ રાજકોટ અમદાવાદ એરપોર્ટ કે રેલ્વે સ્ટેશને જતા અને આવતા મુસાફરોને લગેજ સહિત બસ અને રીક્ષામાં ઉતરવા ચડવાની ઝંઝટમાંથી રાહત મળશે. khaligadi.com માં શેરીંગ ટેક્ષીમાં વન વેની ચાર કે સાત સીટનું પેમેન્ટ ચૂકવીને One way Exclusive ચાર્ટર કારની સેવાનો લાભ લઈ શકશે અને ઈંધણનો બગાડ અટકાવી શકશે.

હાલમાં રાજકોટના શહેરી હદના તમામ વિસ્તારોમાં પીક અપ અને ડ્રોપનો એકસમાન ચાર્જ છે. જ્યારે અ'વાદમાં સરખેજ,નહેરૂનગર,આંબાવાડીથી રાજકોટના રૂા. ૩૭૫ નવરંગપુરા,નારણપુરાથી રૂા. ૪૦૦, કાળુપુર રેલ્વે સ્ટેશન, મણીનગર, બાપુનગરથી રૂા. ૪૫૦ અને એરપોર્ટથી રૂા. ૫૨૫ પ્રતિ વ્યકિતનો 'રાજા' સીટનો ચાર્જ છે. રાજા સીટ એટલે ત્રણ મુસાફર સાથે બેસે તેવી સીટ જ્યારે ડ્રાઈવરની બાજુમાં આગળની સીટ 'મહારાજા' સીટ છે, જેનો ચાર્જ રૂા. ૫૦ વધુ રાખેલ છે.

વધુ મહત્વની બાબત એ છે કે રાજકોટ-અમદાવાદ વચ્ચેની આ સેવામાં દર કલાકે ગાડીની ઉપલબ્ધતા મળી રહે તે માટે **khaligadi.com** પ્રયત્નશીલ છે.

યાત્રી દેવતાની સુવિધા અર્થે છાપા, મેગેઝીન, સંગીત, મુવી, ઠંડાપીણા, નાસ્તો વગેરેની મૂલ્યવર્ધિત સેવા પણ મુસાફરી દરમ્યાન આપવામાં આવે છે...જે પ્રવાસીનું દિલ જીતી લેશે.

**વધુ વિગતો અને માહિતી માટે khaligadi.com અથવા હેલ્પલાઈન નંબર ૯૯૨૫૨ ૯૯૨૫૨ ઉપર સંપર્ક કરવા અનુરોધ છે.**

"પહેલું સુખ તે જાતે નર્યા"....ચાલો, હમેંશા નિરોગી સ્વસ્થ રહીએ.."**નેચરોમોર**" ને સથવારે

**(નેટસર્ફ કોમ્યુનીકેશન પ્રા.લી. પૂણે,મહારાષ્ટ્ર દ્વારા ઉપલબ્ધ)**

અનેક દર્દોની એક દવા "**નેચરામોર**" કુદરતી તત્વોમાંથી બનાવેલ એક સંપૂર્ણ આહાર છે. હઠીલા દર્દો જેવા કે, ડાયાબીટીસ, બી.પી.,એસીડીટી, શરીરના દરેક પ્રકારના દુખાવા, હિમોગ્લોબીન ની ઉણપ, કોલેસ્ટ્રોલ, અસ્થમા(દમ) ચામડીના રોગો, લેડીઝ પ્રોબ્લેમ, શરીરના સોજા, થાક લાગવો, સ્થુળતા ઘટાડવા વગેરે. આ સિવાયના શરીરના ટોપ ટુ બોટમ કોઈપણ દર્દમાંથી છુટકારો મેળવવા-'**નેચરોમોર**' કોઈપણ આડઅસર વગરનો સંપૂર્ણ શાકાહારી છે. મોટા માટે "**નેચરોમોર" – હુંફાળા પાણીમાં–વેનીલા ફલેવર. ૧૫ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસ માટે – હુંફાળા દૂધમાં ચોકલેટ ફલેવર.** ધીમી અસરકારકતા પણ જડમુળથી રોગ નાબુદ કરતું **નેચરામોર** એકવાર વાપરી ખાત્રી કરો અને સ્વસ્થ અને નિરોગી રહો...

**અનુભવીઓની CD જોવા અને વધુ માહિતી માટે સંપર્ક કરો...**

**રાજકોટ : બાલેન્દુ યુ. મહેતા ફોન નં. ૯૪૨૮૨ ૯૯૭૦૧**

**જામનગર : નૈષધ એચ વસાવડા ફોન નં ૯૪૨૮૩૧૯૯૧૦**

**ગાંધીનગર : હેમાંશુ એન ભચેચ ફોન નં ૯૯૯૮૫ ૧૮૧૮૫**

વધુ માહિતી માટે કંપનીની વેબસાઈટ www.netsurfnetwork.com જોઈ શકો છો.

# –:–:– મંગલ મેરેજ બ્યુરો –:–:–

**ફોનઃ– ૦૨૮૧ ૨૫૭૦૬૮૧ (મો) ૦૯૪૨૮૭૦૧૧૩૬**

**સમય : ૧૧ થી ૧, સાંજે ૫ થી ૭ ઈમેઈલ :** mamtadhebar@yahoo.in.

**આપ આપના સંતાનોના બાયોડેટા mail ID પર મોકલી શકો છો...**

**રજીસ્ટ્રેશન ચાર્જ–ફી માત્ર એક વખત – રીન્યુઅલ ફી નથી**

**યુવકોની યાદી કન્યા રત્ન જોઈએ છે :**

૧ ઓગષ્ટ – ૮૮ બી.સી.એ. ઉંચાઈ ૫'.૮" પ્રાઈવેટ કંપનીમાં નોકરી ચોખ્ખા ગ્રહ માટે સંસ્કારી કન્યા જોઈએ છે. (ગુજરાત)

૨ મે – ૮૭ ઈ. સી. એન્જીનીયર ઉંચાઈ ૫'.૧૦" (મહારાષ્ટ્ર)

૩ એપ્રિલ – ૮૬ બી.કોમ., એમ.બી.એ.(ચાલુ) ઉંચાઈ ૫'.૧૦"બેંકમાં નોકરી(સૌરાષ્ટ્ર)

૪ ઓગષ્ટ – ૮૬ કોમ્પ્યુટર એન્જીનીયર ઉંચાઈ ૫'.૫" ચોખ્ખા ગ્રહ (મહારાષ્ટ્ર)

૫ નવેમ્બર – ૮૪ બી. એસ. સી., એમ. ટેક., ઉંચાઈ ૫'.૬" (મહારાષ્ટ્ર)

**અભિનંદન :** હાર્દિક બુચ – મેઘના હાથી, –:– ધૈર્યા દવે – વત્સલ શુકલ

## લગ્ન વિષયક - જોઈએ છે : યુવક

વિસનગરા નાગર અમેરીકા સ્થિત નાગરીકત્વ ધરાવતી
જન્મ : ઓકટોબર ૧૯૮૨,
ઉંચાઈ : ૫'.૩''
વજન : ૫૩ કી. ગ્રા.,
બી. એસ. (મેથેમેટીકસ) ઈન્સ્યોરન્સ કંપનીમાં કલેઈમ રીસ્ક એનાલીસ્ટ તરીકે જોબ કરતી યુવતી માટે અમેરીકા માં સ્થાયી થવા ઈચ્છુક કે અમેરીકા સ્થિત યોગ્ય યુવક. સંપર્ક કરો :
khmehta72@gmail.com
USA 00-732-369-6174
India +91-9898620543

## પાટોત્સવ પ્રસંગે 'બરછી' માટે અપીલ...

આજે જ્ઞાતિજનો ગામે ગામેમાં અને ત્યાં પણ દૂરસુદૂરના વિસ્તારમાં ફેલાતાં જાય છે... પેઢી બદલાતી જાય છે ત્યારે લગભગ અર્ધી સદીથી પ્રકાશિત થતાં 'કલમ કડછી બરછી'નો ઘણાને ખ્યાલ ન હોય તેમ પણ બની શકે છે, ત્યારે પાટોત્સવ(અન્ય કાર્યક્રમો)નું આયોજન કરતા હોદેદારો, કાર્યકરોને મનથી ઈચ્છા થાય કે 'બરછી' ખરેખર સમસ્ત જ્ઞાતિ માટે ઉપયોગી માધ્યમ છે તો 'બરછી'નો પ્રસાર કરી વિશેષ માહિતી માટે ફોન નં. કે કાર્યાલય/ પ્રતિનિધિનો સંપર્ક કરવા અપીલ કરવા વિનંતી છે.

પ્રચાર અંગત સ્વાર્થ કે આર્થિક લાભ મેળવવા હોય...પ્રસાર સૌને લાભાર્થે...! વિચારી જો જો...-તંત્રી.

આ માસના સંકલિત સુવાકયો રાજકોટના શ્રી હિમાંશુ રાણા તરફથી...

## સંગીત પ્રેમીઓ માટે...

**રાજકોટના સુપ્રસિધ્ધ ગાયક કલાકાર શ્રી ચૈતન્ય અંજારીયા**ના રફી-મુકેશના ગીતોના વનમેન શો **'દિલને ફીર યાદ કીયા'** ના સપ્ટેમ્બર -૧૧માં યોજાયેલ કાર્યક્રમની વિડીયો તેમજ ઓડીયો ડીવીડી બહાર પડી ગયેલ છે. જેમાં રફી -મુકેશના લગભગ ૨૮ થી ૩૦ ગીતોમાં ઓમેરે સાહેખૂબા, દિવાનો સે યે મત પૂછો, તેરી આંખો કે સિવા, ઓ દુનિયા કે રખવાલે, ચલ અકેલા, અખિયન કે સંગ અખીયાં લાગે,પરદા હે પરદા, મેં ઝટ યમલા પગલા દિવાના, રાગ યમન પર સાત ગીતો, મૈં નિગાહે તેરે ચહેરે સે હટાદું, ગમ ઉઠાને કે લીયે, અભી ના જાઓ, ઈશારોં ઈશારો, દિલને ફીર યાદ કિયા વગેરે યાદગાર રચનાઓનો સમાવેશ થાય છે. **ઓડીયો ડીવીડી રૂા. ૫૦/-તથા વિડીયો ડીવીડી રૂા.** ૯૦/-મળી શકશે. રસ ધરાવનારાઓને મો. નં. **૯૭૧૪૦૮૮૬૬૬** પર સંપર્ક કરવા વિનંતી છે.

## ચિ. પ્રતિકને હાર્દિક શુભેચ્છાઓ



મૂળ ભુજના (હાલ ભાવનગર) જયેશ - હીના અંતાણીના સી. એ.નો અભ્યાસ કરી રહેલ સુપુત્ર ચિ. પ્રતિકને અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ (મુંબઈ) દ્વારા આયોજીત સંગીત પરીક્ષા વિશેષ યોગ્યતા જેવા ઉચ્ચ ગ્રેડ સાથે પસાર કરી તબલા વિશારદની પદવી મેળવવા બદલ બંને પરિવારોની હાર્દિક શુભેચ્છાઓ અને ઉજ્જવળ ભવિષ્ય માટે અંતઃ કરણના શુભ આશિષ...

**સ્વ. કુંદનલાલભાઈ અંતાણી**
**(દાદા) પરિવાર - રાજકોટ.**
**શ્રી જીતુભાઈ વોરા(નાના)પરિવાર-ભુજ.**

## SLK Tours & Travels

**Romantic Himachal 11N / 12D**

Package price only Rs. 21000/ per person

Confirm Departure : 25th May

**Go...Go... GOA 3N / 4D**

Package price only Rs. 5200/- per person

Confirm Departure : 1st June

Chardham Yatra Rs. 28000/- per person

*Limited Seats Available....*

*So, book your trip now...Contact :*

*SLK Travels : 09699444771 / 09408784006 / 09323630701*

*Email : slktravelworld@gmail.com*

## ABM TRAVELS

**SUMAR DHAMAKA**

Singapore-Malaysia (6N/7D) Rs.59750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.79750 per Adult/HongKong-Shenzhan (7N/8D)Rs.69750 - All Inclusive.

**Honeymoon tours**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui

**Mountain Resort**
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Beach Resort**
Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar

**Cruise tours**
STAR cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean/Scandinevia
MSC cruise : Northern Europe/Mediterranean

**Pilgrims** CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

Booking of International destinations
SOTC THOMAS COOK COX & KING
STAR TOURS CLUB 7 KESARI

**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com**

## All Your Travel Needs Under One Roof

- Air Ticket Booking
- Travels Bus Ticket Booking
- DTH Recharge
- All Types of A.C. / Non A.C. Cars On Rental Basis
- Rail* Ticket Booking
- Hotel Booking
- Holiday Package

**Shree Hatkesh Travels**
7, Kailash Park, B/h.Natraj Nagar,University Road, Rajkot
Cell : 9825710296, 9429578295, 9825210278
shrihatkeshtravels@gmail.com

## You wish to have your own WEBSITE ?

**We are at your Service...**

*Satisfactory work with resonable cost is our assurance*

**Contact M. 97250 76121**



KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011

If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩